# વિક્રમ સંવત ૨૦૭૨નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

(૩) સસ્પેશ અગ્ર ધાન્યેશ (ખરીફ પાકનો સ્વામી) શનિ છે.
(૪) મેઘેરા મંગળ છે.
(૫) રસેશ સૂર્ય છે.
(૬) નિરસેશ (પાછલા શિયાળુ ધાન્યનો સ્વામી) શનિ છે.
(૭) કોષાધ્યક્ષ (ખજાનચી) શનિ છે.
(૮) યુદ્ધેશ મંગળ છે.
(૯) દુર્ગેશ (સેનાધિપતિ) મંગળ છે.
(૧૦) છત્રેશ શુક્ર છે.
(૧૧) વ્યાપારેશ સૂર્ય છે.
(૧૨) વ્યવહારોરેશ મંગળ છે.

રોહિણી નક્ષત્ર પર્વત ઉપર છે. મેઘનો નિવાસ પ્રજાપતિના ઘેર છે.

આ વર્ષે નીલ નામનો મેઘ અને અશ્વતર નામનો નાગ છે.

શાલિહાન શાકે ૧૯૩૭ જય સંવત્સર તથા શાકે ૧૯૩૮ દુર્મય સંવત્સર રહેશે.

દુર્મય સંવત્સરમાં વરસાદ ઘણો પડે. શાસકોમાં ટકરાવ જોવા મળે. આલોચના પ્રત્ય લોચનાનો માહોલ જોવા મળે. અનાજની ફસલોને હાનિ થાય.

આ વર્ષે રાજા શુક્ર છે. વરસાદ સારો આવે માંગલિક કાર્યો સારા થાય.

બુધ મંત્રી હોવાથી લોકોની આર્થિક સ્થિતિ સુધરે કામાપરાધો ઘટે. વરસાદ ઘણો થાય.

સસ્પેરા શનિ હોવાથી શાસન દ્વારા લોકોમાં કષ્ટ વધે રોગ વધે, લોકોમાં જુઠા વાદ-વિવાદ ચાલે. મુકદ્દમા કરવાની પ્રવૃત્તિને વેગ મળે.

મેઘેશ મંગળ હોવાથી ક્યાંક વરસાદ થાય તો ક્યાંક દુકાળ રહે. લોકોમાં અશાંતિ રહે. નીતિસમ્મત વ્યવહારોમાં ઓટ આવે.

શનિ નીરસેશ હોવાથી પીત્તળ, સીસુ, લોખંડ, ઉનના ગરમ વસ્ત્રોનું બજાર તેજ રહે તેવું ગણાય છે.

રસેશ સૂર્ય હોવાથી વરસાદ ઓછો પડે. લોકો અંશે શાસકો વચ્ચે ટકરાવ રહે. કપડાં, ઘી, તેલ, ગોળ, સાકર, સરસવમાં તેજી રહે. (જો કે તેજી મંદીનો આધાર આયાત નિકાસ ઉપર પણ રહેતો હોય છે.)

દુર્ગેશ મંગળ છે. લોકોમાં કષ્ટ રહે. વ્યાપારીઓને શાસકોના દંડનો ભય રહે.

## વર્ષના ચાર સ્તંભોની વિગતો

(૧) આ વર્ષે વિક્રમ સંવત ૨૦૭૨માં ચૈત્ર સંવત્સર ૧૯૩૮ના ચૈત્ર સુદ એકમે તિથિના યોગમાં ચંદ્ર નક્ષત્ર રેવતી આંશિક રીતે મળે છે.

(૨) વૈશાખ સુદ એકમે તિથિમાં ચંદ્ર નક્ષત્ર ભરણી આંશિક મળે છે. તેથી ઘાસ(તૃણ)નો સ્તંભ આંશિક મળે છે. આથી ઘાસ, ભૂસુ, વનસ્પતિ, જડીબુટ્ટિઓ વગેરે વન્ય પદાર્થોની ઉપલબ્ધમાં સામાન્ય ઉણપ આવે.

(૩) વાયુ સ્તંભ :- જયેષ્ઠ શુકલ પ્રતિ પદચિ મૃગશિર નક્ષત્રની સ્થિતિના આધારે વાયુ સ્તંભનો વિચાર કરવામાં આવે છે.

જેઠ સુદ એકમે ક્ષય તિથિ છે. ચંદ્ર નક્ષત્ર રોહિણી સુદ એકમ તિથિ (સ્વય તિથિ) માં ૧૨ કલાક ૩૬ મિનિટ સુધી છે. ત્યાર પછી મૃગશિર્ષ ચંદ્ર નક્ષત્ર છે. વાયુનો સ્તંભ મળે છે. વાયુ સ્તંભ કમજોર હોય તો તે વર્ષમાં પવનનાં તોફાન, ચક્રવાત વિગેરેનો પ્રકોપ વધુ રહે છે.

અષાઢ સુદ એકમે ચંદ્ર નક્ષત્ર પુનર્વસુ મળે છે. તેથી અનાજનો સ્તંભ મળે છે. આમ પ્રાચીન ઋઢિગત ઋતિ વિજ્ઞાન જોતાં પાણીના સંગ્રહ બાબતે તેમજ ઘાસચારા બાબતે જાગૃતિ રાખી હોય તો સારૂ રહે. (આ ઋતુ વિજ્ઞાન પ્રાચીન રૂઢિગત છે)

## સંવત ૨૦૭૨ના ચોમાસાના નક્ષત્રો

(૧) મૃગશિર્ષ - જેઠ સુદ ૩ મંગળવાર, તા. ૭-૬-૨૦૧૬ના રોજ કલાક ૨૩.૫૬ મિ. આવે તો સૂર્ય મૃગશિર્ષ નક્ષત્રમાં પ્રવેશ કરે છે.

વાહન દેડકો છે. નક્ષત્ર-સંયોગિયું છે.

(૨) આદ્રા :- જેઠ વદ-૧, મંગળવાર તારીખ ૨૧-૬-૨૦૧૬ના રોજ ૨૨ કલાક ૫૯ મિનિટે સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે.

વાહન - ઉંદર

(૩) પુનર્વસુ :- અષાઢ સુદ-૧ મંગળવાર તા. ૫-૭-૨૦૧૬ના રોજ કલાક ૨૨.૩૩ મિનિટે સૂર્ય પુનર્વસુ (વખ ગામત ભાષામાં) નક્ષત્રમાં પ્રવેશ કરે છે.

વાહન - શિયાળ

(૪) પુષ્ય, અષાઢ, સુદ પૂનમ મંગળવાર તારીખ ૧૯-૭-૨૦૧૬ના રોજ ક. ૨૨-૦૬ મિનિટ સમયે સૂર્ય પુષ્ય નક્ષત્ર (ગામઠી ભાષામાં પખ)માં પ્રવેશ કરે છે.

વાહન - મોર

(૫) આશ્લેષા :- અષાઢ વદ-અમાસ મંગળવાર તા. ૨-૮-૨૦૧૬ના રોજ ક. ૨૧.૦૦ મિ. સમયે સૂર્ય આશ્લેષા નક્ષત્રમાં પ્રવેશ કરે છે.

વાહન - હાથી

(૬) મઘા :- શ્રાવણ સુદ-૧૩ મંગળવાર તા. ૧૬-૮-૨૦૧૬ના રોજ ક. ૧૮.૩૯ મિ. સમયે સૂર્ય મઘા નક્ષત્રમાં પ્રવેશ કરે છે.

વાહન - દેડકો

## પૂર્વા ફાલ્ગુની :- શ્રાવણ વદ

પૂર્વા ફાલ્ગુની - શ્રાવણ વદ-૧૩ મંગળવાર

તારીખ - ૩૦-૮-૨૦૧૬ના રોજ કલાક ૧૪.૩૯ મિનિટે સૂર્ય પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં આવે છે. વાહન-ગધેડું

ઉત્તરા ફાલ્ગુની - ભાદરવા સુદ-૧૧ મંગળવાર તા. ૧૩-૯-૨૦૧૬ના રોજ ક. ૮.૨૬ મિ. સમયે સૂર્ય ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં આવે છે.

વાહન - ઘોડો - સંજોગિયું

હસ્ત :- ભાદરવા વદ ૧૧ને સોમવાર તા. ૨૬-૯-૨૦૧૬ના રોજ રાત્રે કલાક ૨૪-૦૦ મિનિટે સૂર્ય હસ્ત નક્ષત્રમાં આવશે. (ગામઠી ભાષામાં હસ્ત નક્ષત્રને હાથિયો કહે છે)

વાહન - ઉંદર

ચિત્રા :- આસો સુદ - ૯ -સોમવાર,તા. ૧૦-૧૦-૨૦૧૬ના દિવસે કલાક ૧૨.૫૪ મિનિટે સૂર્ય ચિત્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે.

સ્વાતિ :- તા. ૨૩-૧૦-૨૦૧૬થી તા. ૫-૧૧-૨૦૧૬ સુધી સૂર્યનું સ્વાતી નક્ષત્ર છે. વાહન મેષ છે. વરસાદ ઓછો આવે. એકંદર વિ.સ. ૨૦૭૨માં સારો વરસાદ રહે. પર્વત પ્રદેશોમાં વધારે વરસાદ આવે.

## સંવત્સર વસા (ચૈત્રી) વર્ષગણના મુજબ)

શક સંવત ઉપરથી વિશાંક કાઢવાની પદ્ધતિ છે. જેમાં વર્ષા, ધાન્ય, તૃણ, ગરમી, વાયુ, પ્રજાની સમૃદ્ધિ, રાજનૈતિક વિગેરે બાબતોની ગણતરી પ્રાચીન વિશોધક જ્ઞાનમાં જણાવેલ છે.

સંવત્સર વસા (ચૈત્રી વર્ષ ગણના મુજબ)

| | |
|---|---|
| વૃષિ-૧૩ | સોનુ-૧૧ |
| ધાન્ય-૧૫ | તાંબુ-૧૭ |
| તૃણ-૦૭ | ચાંદી-૧૭ |
| શીત-૦૭ | લોખંડ-૧૧ |
| ઉષ્ણ-૧૭ | વ્યાધિ-૧૭ |
| વાયુ-૧૩ | વિગ્રહ-૧૧ |
| અતિવૃષ્ટિ-૧૩ | ઉંદર-૧૩ |
| વસ્ત્ર-૧૩ | રત્ન-૧૫ |
| ધૃત-૧૩ | ધૃત-૦૭ |
| તેલ-૦૯ | |
| રસ નિષ્પતિ-૦૭ | |
| ફળ નિષ્પતિ-૧૧ | |

અનાજ કઠોળના વસા

| | |
|---|---|
| ઘઉં-૧૩ | તુવર-૧૫ |
| ડાંગર-૧૧ | મગ-૧૩ |
| બાજરી-૧૩ | અડદ-૧૧ |
| જુવાર-૧૧ | ચણા-૧૩ |
| મકાઈ-૧૩ | ચોળા-૧૩ |
| જવ-૧૧ | વાલ-૧૧ |
| તલ-૧૫ | વટાણા-૧૩ |
| મગફળી-૧૩ | ધાણા-૧૫ |
| સરસવ-૧૩ | રાજગરો-૧૩ |

મસાલા પાક
વરિયાળી-૧૧
ઈસબગુલ-૧૧
અજમો-૧૧
કોકમ-૧૫
આમલી-૧૧
સુંઠ-૧૫

અન્ય
સાકર-૧૩
શ્રીફળ-૧૩
કપાસ-૧૫


## આદ્રા નક્ષત્ર પ્રવેશ કુંડળી

ભારતના ઘણા ભાગોમાં આદ્રા નક્ષત્રને વરસાદનું મુખ્ય નક્ષત્ર ગણવામાં આવે છે. આથી આદ્રા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ કાળ વખતની કુંડળી જોઈએ તો

સૂર્યની, આદ્રા નક્ષત્ર પ્રવેશ કુંડળી

વિક્રમ સંવત ૨૦૭૨ જેઠ વદ એકમ મંગળવાર તા. ૨૧-૬-૨૦૧૬ના રોજ સાંજના (રાત્રીના) ૨૨ કલાક ૫૯ મિનિટે સૂર્ય નારાયણ આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરશે.

નક્ષત્ર સંજ્ઞા :- ચે. ચે. સ્ત્રી.પુ. વાહન ઉંદર ધનનો ચંદ્ર તથા પૂર્વાષાઢા નક્ષત્ર છે. સૂર્યાસ્તથી લઈને આગલા સૂર્યોદય પૂર્વ આદ્રા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ કરે તો ચોમાસુ વરસાદ માટે સારા સંજોગો ગણાય છે. આ વખતે રાત્રે સૂર્યનો આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. જે શુભ ફળનું સૂચન કરે છે.




સૂર્યનો આદ્રા પ્રવેશ દિવસમાં થાય તો કૃષિ પાકો માટે નબળુ ફળ ગણાય છે. પાક બરાબર થતો નથી જ્યારે સાંય સંધ્યા યા અડધી રાત્રે સૂર્યનો આદ્રા નક્ષત્રમાં પ્રવેશ હોય તો વરસાદ સારો થાય અને ધાન્યદી ઉપલબ્ધતા સારી રહે.

આદ્રાના સૂર્ય પ્રવેશ વખતે સાધારણ વરસાદ થાય તો તે પણ એક શુભ સંકેત છે. જેઠ વદ એકમે આદ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ શુભ ગણાય છે.

આદ્રા પ્રવેશ વખતે વારનું ફળ જોઈએ તો મંગળાવરે સૂર્યનો આદ્રા નક્ષત્રનો પ્રવેશ જનધન માટે પીડાકારી ગણાય છે.

પ્રવેશ નક્ષત્ર ફળ જોઈએ તો પૂર્વાષાઢા નક્ષત્રમાં પ્રવેશ ઓછો વરસાદ સૂચક ગણાય.

ગ્રહ યોગોની દષ્ટિએ જોઈએ તો, ચંદ્ર જળચર નક્ષત્રમાં છે.

કેન્દ્ર ત્રિકોણમાં થાય, ગ્રહ શનિ, મંગળ છે. જળચર રાશિમાં અધિક ગ્રહો નથી.

શુક્ર અને ચંદ્ર સાથે નથી પરંતુ સૂર્ય શુક્ર સાથે છે. અને ચંદ્રની દષ્ટિ સૂર્ય શુક્ર ઉપર છે.

ગુરુ અને બુધ સરળ રાશીમાં નથી. બુધ, ગુરુ, શુક્ર પાસ પાસે નથી પરંતુ શુક્રની કર્તરીમાં બુધ છે. કેન્દ્રમાં રાહુ કેતુ છે. આમ આદ્રા પ્રવેશ કુંડળીનું ફળ મિશ્ર છે. પરંતુ એકંદરે આદ્રા સૂર્ય નક્ષત્રમાં પ્રવેશ વરસાદનો નિર્દેશ કરે છે.

## સંવત-૨૦૭૨ના ગ્રહણો

(૧) માઘ કૃષ્ણ અમાસ, બુધવાર તા. ૯-૩-૨૦૧૬ ભારતીય દિનાંક ૧૯ ફાલ્ગુન ૧૯૩૭ના દિવસે કુંભ રાશિમાં થનાર સૂર્યગ્રહણ (ગ્રસ્તોદિન) ભારતના કેટલાક ભાગોમાં દેખાશે.

આ ગ્રહણ ભારત, શ્રીલંકા,નેપાળ, પૂર્વ એશિયા, ચીનના દક્ષિણ પ્રદેશમાં જાપાન, દક્ષિણ, કોરિયા, ઓસ્ટ્રેલિયા, અલાસ્કા અને કેનેડાના પશ્ચિમના કેટલાક ભાગોમાં દેખાશે. આ ગ્રહમ હિંદી મહાસાગરથી પ્રારંભ થશે અને પેસિફિક મહાસાગરમાં અંત થશે.

ભારતમાં ગ્રહણ નહીં દેખાવાના પ્રદેશો - મુંબઈ, પૂના, થાણા,

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા સહ
'ડ્રીમ'
લેન્ડ કન્સલ્ટન્ટ
૩૦૨, શાલીન કોમ્પલેક્ષ,
વિજય પેટ્રોલ પંપ સામે,
મેઘમલ્હાર કોમ્પલેક્ષની બાજુમાં,
સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૨૩૨૨૫૪૦૧ ● મો. ૯૮૨૫૦ ૩૦૪૨૪
જી-૯, યુનિક મેટ્રોપોલીસ,
અગ્રવાલની મોલની પાછળ,
એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ
મો. : ૯૮૨૫૦ ૩૦૪૨૪
ડ્રીમ કીચન ગેલેરી
૧૭, આયના કોમ્પલેક્ષ,
સુવર્ણવીલા બંગલાની સામે,
૧૦૦ ફુટ હેબતપુર રોડ, થલતેજ, અમદાવાદ
મો. ૯૭૨૩૮ ૧૨૬૩૧
ડ્રીમ કલેક્શન
૧૦૬, ૧૦૭, ૧૦૮ સુયોગ કોમ્પલેક્ષ,
સાકર ઈંગ્લીશ સ્કુલ પાછળ,
ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા, અમદાવાદ
મો. ૯૮૨૫૯ ૩૦૪૨૪

AN ISO 9001:2008 CERTIFIED SEED COMPANY
રાષ્ટ્રિય ઉત્પાદન વધારવામાં અગ્રણી
વેસ્ટર્ન સીડ્સનાં "નવરત્ન"
રીસર્ચ હા. દિવેલા
વેસ્ટર્ન-૬, વેસ્ટર્ન-૬+(પ્લસ)
વેસ્ટર્ન વીજે-૬૬+(પ્લસ)
વેસ્ટર્ન વીજે-૬૬, વેસ્ટર્ન-૨૭
વેસ્ટર્ન મારૂતિ, વેસ્ટર્ન મુખી,
વેસ્ટર્ન સરપંચ
રીસર્ચ મગફળી
વેસ્ટર્ન-૧૮-(ધરતી), વેસ્ટર્ન-૨૦(વિશ્વાસ),
વેસ્ટર્ન-૪૪ (માકા), વેસ્ટર્ન-૫૧ (વરુણા),
વેસ્ટર્ન એચબી-૫૫(શિવા)
વેસ્ટર્ન-૬૬(વંદના), વેસ્ટર્ન વરદાન,
વેસ્ટર્ન મહાબલી, વેસ્ટર્ન મહારાણા
રીસર્ચ તલ
વેસ્ટર્ન-૧૧
વેસ્ટર્ન સમર્થ,
રીસર્ચ જીરૂ
વેસ્ટર્ન સી-૪૫,
વેસ્ટર્ન સી-૬૦,
વેસ્ટર્ન જીવન પ્રાઇમ
ક્યુમેક્ષ વેસ્ટર્ન સી-૬૦
રીસર્ચ મગ
વેસ્ટર્ન મહાવીર,
વેસ્ટર્ન પ્રોટો,
વેસ્ટર્ન શુરવીર
રીસર્ચ ઘઉં
વેસ્ટર્ન ડબલ વન ડીલક્ષ,
વેસ્ટર્ન ડબલ વન, વેસ્ટર્ન સોના,
રીસર્ચ હા. બાજરા
વેસ્ટર્ન એમ-૪૫,
વેસ્ટર્ન એમ-૪૬,
વેસ્ટર્ન સેવા
રીસર્ચ ગવાર
અનંતહર્ષ-૯
વેસ્ટર્ન અવન્તિકા
રીસર્ચ અડદ
વેસ્ટર્ન અમૂલ
રીસર્ચ હા. કપાસ બીટી (બીજી-૨)
વેસ્ટર્ન નિરોગી-૫૧, ૧૦૮
વેસ્ટર્ન નિરોગી-૧૫૧,૫૫૫
વેસ્ટર્ન કસ્તુરી-૫૫૫, વેસ્ટર્ન એક્ષ્પોર્ટ,
વેસ્ટર્ન પ્રોફિટ, વેસ્ટર્ન વિઝા
રીસર્ચ ચોળી
અનંતહર્ષ-૧૮, વેસ્ટર્ન એવરગ્રીન
રીસર્ચ રાયડો
વેસ્ટર્ન વીર, વેસ્ટર્ન શારદા
રીસર્ચ ડાંગર
વેસ્ટર્ન શક્તિ, વેસ્ટર્ન મહાશક્તિ
રીસર્ચ વરીયાળી
વેસ્ટર્ન હરીયાલી
રીસર્ચ ધાણા
વેસ્ટર્ન સ્વાદ
વેસ્ટર્ન સુગંધા (મલ્ટીકટ)
રીસર્ચ સોયાબીન
વેસ્ટર્ન-૧૦૧, વેસ્ટર્ન-૧૦૮
રીસર્ચ ગમ ગુવાર
વેસ્ટર્ન ડોલર, વેસ્ટર્ન સમૃદ્ધિ
રીસર્ચ ભીંડા
અનંતહર્ષ-૮, વેસ્ટર્ન વર્ષા,
હા. ભીંડા વેસ્ટર્ન-૦૦૭ (F1)
રીસર્ચ ઈસબગુલ
વેસ્ટર્ન નિર્મલ
રીસર્ચ ચણા
વેસ્ટર્ન પ્રતાપ
સમૃદ્ધિનું એક જ નામ વાવો વેસ્ટર્ન બીજ કાયમ
WESTERN SEEDS Since 1983 "MORE FOR ALL"
વેસ્ટર્ન એગ્રી સીડ્સ લિમીટેડ
કોર્પોરેટ ઓફિસ : ૮૦૨/૧૧, વેસ્ટર્ન હાઉસ, જી.આઈ.ડી.સી., (એન્જી.) એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૧૨૪૨૭, ૨૩૨૧૧૮૯૧, ફેક્સ : ૨૩૨૧૦૩૮૨
Email : info@westernagriseeds.com Website : www.westernagriseeds.com